CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર 5 જૂન, ૨૦૨૬



## ડભોઇ તાલુકાના વડજ ખાતે 913 વર્ષ જૂની ધરોહરના પુનઃસ્થાપનથી ઇતિહાસ જીવંત થયો

# વડજની વાવ સંસ્કૃતિ-સ્થાપત્યના જીવંત પ્રતિક સમાન

**● રાંદલ માતા, ખોડિયાર માતા અને વહાણવટી માતાનું સ્થાન પણ અહીં છે**

**● વારસા સંરક્ષણ પ્રત્યેની નિષ્ઠાએ આ ઐતિહાસિક સ્મારકને ફરી જીવંત બનાવાઇ**

**● વડજની વાવ તેની વિશિષ્ટ નંદા શૈલીની સ્થાપત્યકળા માટે પ્રસિદ્ધ છે**

વડોદરા જિલ્લાના ડભોઈ નજીક આવેલું વડજ ગામ ઐતિહાસિક વડજની વાવ માટે જાણીતું છે. જે આશરે ૯૧૩ વર્ષ જૂનો વારસો ધરાવે છે અને હાલમાં તેના સંરક્ષણ તથા પુનઃસ્થાપનના પ્રયાસોને કારણે ફરીથી ચર્ચામાં આવ્યો છે. રાજા સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન તેમની માતા મીનળદેવીના માર્ગદર્શન હેઠળ આ વાવનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ વાવનો મુખ્ય હેતુ સૈનિકો અને સ્થાનિક લોકોને પાણીની સુવિધા પૂરી પાડવાનો તેમજ જળસંચય અને લોકકલ્યાણને પ્રોત્સાહન આપવાનો હતો. આ ઐતિહાસિક ધરોહરની મૂળ ઓળખને જાળવી રાખવા અને તેને પુનર્જીવિત કરવા માટે સંરક્ષણ તથા પુનઃસ્થાપનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ડભોઈથી આશરે ૦૮ કિલોમીટર દૂર આવેલી વડજની વાવ તેની વિશિષ્ટ નંદા શૈલીની સ્થાપત્યકળા માટે પ્રસિદ્ધ છે, જે તે સમયની ઈજનેરી કુશળતા અને કળાત્મક કારીગરીનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે. વાવના પુનઃસ્થાપન કાર્યમાં શ્રી અશ્વિનકુમાર કનૈયાલાલ પટેલના પ્રયત્નો મહત્વપૂર્ણ રહ્યા હતા. જેમની વારસા સંરક્ષણ પ્રત્યેની નિષ્ઠાએ આ ઐતિહાસિક સ્મારકને ફરી જીવંત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્રખ્યાત શિલ્પકાર શ્રી વીરેન્દ્રભાઈ પંચાલએ પણ તેમની કળાત્મક કુશળતા અને કારીગરી દ્વારા પુનઃનિર્માણ પ્રક્રિયામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. સ્થાપત્ય મહત્વ ઉપરાંત વડજની વાવ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે અહીં રાંદલ માતા, ખોડિયાર માતા અને વહાણવટી માતાનું સ્થાન આવેલું છે. આજે આ વાવ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક એકતા અને અવિનાશી વારસાનું પ્રતિક બનીને ભૂતકાળ અને વર્તમાનને સંરક્ષણના માધ્યમથી જોડે છે.



રિસ્ટોરેશન પહેલા







રિસ્ટોરેશન પછી





# સાવિત્રી NGOના માધ્યમથી મહારાજા પ્રતાપ શાળાના બાળકો બન્યા ‘બચ્ચા ફાર્મર’

**૧૨૦૦ ચો. મી. જગ્યામાં બાળકો શાકભાજી અને ફળફળાદીની વાવણી અને માવજત કરે છે**

**‘મિશન ગ્રીન સ્કૂલ’’ પહેલ હેઠળ સ્કૂલના બાળકોની ટીમ ‘ગ્રીન આર્મી’ તરીકે ઓળખાય છે**

કુદરત કે પછી જે જંગલો તે કેવી રીતે વર્ષો-વર્ષ કોઈ પણ દેખભાળ વગર જીવતા રહે છે? કુદરતના આ કન્સેપ્ટ અને થિયરીઝને અર્બન એરિયામાં ડેવલપ કરવામાં આવે ત્યારે તેને કહેવાય છે ‘પર્માકલ્ચર’. વડોદરા જિલ્લાના સાવિત્રી સોશિયલ ફાઉન્ડેશનની ફાઉન્ડર રીના રાજ રસ્તોગીએ મહારાજા પ્રતાપ નગર પ્રાથમિક શાળામાં ‘મિશન ગ્રીન સ્કૂલ’’ કોન્સેપ્ટ હેઠળ શાળાના દરેક બાળકને પર્માકલ્ચર, કિચન ગાર્ડનિંગ અને વેસ્ટમાંથી બેસ્ટ, ખાતર બનાવવાની પ્રક્રિયા સાથે જોડાવામાં આવ્યા છે. ખાસ કરીને ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ ‘ગ્રીન આર્મી’ તરીકે કાર્યરત છે. જેને કારણે આ શાળાના બાળકોમાં અન્નના એક એક દાણા પ્રત્યે આદર અને સંવેદનશીલતા કેળવાઈ છે. ભોજનની થાળી પાછળ છુપાયેલી ખેડૂતની અથાણ મહત્તમ મહેનતને આ બાળકો હવે પ્રેક્ટિકલી સમજી શક્યા છે. આ જે બાળકોએ પોતાના હાથે શાળાની લગભગ ૧૨૦૦ ચો.મી. જગ્યામાં બીટ, ગાજર, મૂળા, હળદર, મરચા, ટામેટા, આદુ,મરચા, શેરડી, લિંબુ, પાલક, લાલ મૂળા, ભીંડા, તુરીયા, દૂધી, તુવેર, શક્કરિયા રોપીને ઉછેર કરી રહ્યા છે. આ સાથે ફ્રુટ ગાર્ડન તૈયાર કરવા તરબુચ, કેળા, શેતુર, આંબો, જેવા છોડની વાવણી કરી માવજત કરી રહ્યા છે. રીના રાજ રસ્તોગી, સાવિત્રી સોશિયલ ફાઉન્ડેશનની ફાઉન્ડરે જણાવ્યું હતું કે, બાળકોને કહીએ છીએ કે તમે પ્લાન્ટ્સના પેરેન્ટ્સ છો. અને એક પેરેન્ટ તરીકે, તમારે બાળકોને ખોરાક આપવો જ પડશે. આ પછી અમે તેમની શાળામાં કિચન ગાર્ડન્સ ડેવલપ કરાવીએ છીએ, તેમને ડિઝાઈન શીખવીએ છીએ.તેઓને સૌર ઊર્જા, પાણી, હવા, ઓછી જગ્યાના મહત્તમ ઉપયોગ અંગે પ્રેક્ટીકલ જ્ઞાન આપીએ છીએ. આ ઉપરાંત શાળામાં પર્યાવરણ સંબંધિત વિવિધ ગેમ્સ, પેઈન્ટીંગસ, ડિઝાઈન કરાવીએ છીએ. મહારાજા પ્રતાપ નગર પ્રાથમિક શાળાના બાળકો પરંપરાગત ખેતીનું જ્ઞાન મેળવી ‘ગ્રીન આર્મી’ અને ‘બચ્ચા ફાર્મર’ બનીને પ્રકૃતિના સાચા રક્ષક તરીકે ઉભરી રહ્યા છે. આજે વિશ્વ પર્યાવરણ દિને ‘ગ્રીન આર્મી’ની જેમ દરેક વ્યક્તિ અનાજ ઉગાડવા પાછળની મહેનતને સમજી જાય તો અનાજનો બગાડ અટકાવી શકાય છે.



**જ્યારે પણ હું બાળકોને પ્લેટમાં ખોરાક છોડતા જોતી ત્યારે મને હંમેશા થતું કે કઈ રીતે બાળકોની અંદર ખોરાક પ્રત્યે એક સંવેદનશીલતા લાવું? કેવી રીતે તેઓ સમજે કે ખોરાક આપણા ખોરાકની વેલ્યુ શું છે. ત્યારે મને વિચાર આવ્યો કે જ્યાં સુધી બાળકો ઉગાડશે નહીં, ત્યાં સુધી તેઓ તેની કિંમત નહીં સમજે. અને એ જ કન્સેપ્ટ સાથે અમે ‘ મિશન ગ્રીન સ્કૂલ ’ શરૂ કર્યું હતું. અમે સરકારી શાળાઓ (ગવર્મેન્ટ સ્કૂલ્સ), નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સાથે મળીને આખા વર્ષ માટે શાળા દત્તક લઈએ છીએ અને તેમને કિચન ગાર્ડનિંગથી લઈને એન્વાયરમેન્ટ સસ્ટેનેબિલિટીની પ્રેક્ટિસ કરાવીએ છીએ.**

**રીના રાજ રસ્તોગી, સાવિત્રી સોશિયલ ફાઉન્ડેશનની ફાઉન્ડર**








# ગૌ-શાળાએ “વડોદરાની કેસર” થકી ગૌ-સેવાને ખેતી સાથે જોડી

**રાસાયણિક મુક્ત કેરીના ઉત્પાદન માટે ખેડૂતોને ગાયના છાણનું ખાતર નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવે છે**



વર્ષ ૨૦૧૭ થી, કામધેનુ સેવાસંવર્ધન ટ્રસ્ટ ગૌશાળા દેશી ગાયોના રક્ષણ, સંરક્ષણ અને સેવા પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. ગૌશાળાએ અત્યાર સુધીમાં લગભગ ૮૭ પશુઓને આશ્રય આપ્યો છે, જેમાં ત્યજી દેવાયેલી ગાયો, કતલખાનાઓમાંથી બચાવેલા પશુઓ, વૃદ્ધ, બીમાર અને અપંગ ગૌવંશનો સમાવેશ થાય છે. હાલમાં, સમર્પિત ગૌ સેવા દ્વારા ૨૫ ગાયો અને બળદોની સંભાળ રાખવામાં આવી રહી છે, જે ભારતના સ્વદેશી ગાય વારસાને જાળવવા અને પ્રાણીઓ પ્રત્યે કરુણાને પ્રોત્સાહન આપવાના મજબૂત પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. આ ગૌ સંરક્ષણને ટકાઉ ખેતી સાથે જોડી એક અનોખી પહેલ હાથ ધરી છે જેમા ગૌશાળા ઓર્ગેનિક ખાતર અને ગૌમૂત્ર જેવા ગાય આધારિત સંસાધનો બનાવી કુદરતી ખેતી પદ્ધતિને પ્રોત્સાહન આપે છે. રાસાયણિક મુક્ત કેરીની ખેતીને ટેકો આપવા માટે ખેડૂતોને કુદરતી ગાયના છાણનું ખાતર મફતમાં આપવામાં આવી રહ્યું છે. તેની ખાસ પહેલ “વડોદરાની કેસર” હેઠળ, ટ્રસ્ટ વધુ પડતા રાસાયણિક ઈનપુટ્સને બદલે પરંપરાગત અને ગાય આધારિત ખેતી પદ્ધતિઓનો ઉપયોગ કરીને ઉગાડવામાં આવતી કુદરતી રીતે ઉગાડવામાં આવતી કેસર કેરીને પ્રોત્સાહન આપે છે. આ પહેલ દેશી ગાયો પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવામાં અને સ્વસ્થ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં કેવી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે તે દર્શાવે છે. તેઓ કુદરતી રીતે ઉગાડવામાં આવતી કેરીઓ ભારતના વિવિધ શહેરો અને આફ્રિકા, દુબઈ અને અન્ય દેશોમાં વેચે છે. “વડોદરાની કેસર” કેરીના વેચાણમાંથી મળતી આવકનો ઉપયોગ ગૌશાળામાં ગૌમાતા માટે ચારો, દવાઓ, પાણી અને આશ્રય માટે થાય છે. ટ્રસ્ટ માટે, આ પહેલ ફક્ત કેરીનો વ્યવસાય નથી પરંતુ ગૌ સેવા, ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિ આધારિત ખેતીને જીવંત રાખવાનું એક મોટું મિશન છે. આ મોડેલ દ્વારા, ગૌશાળાનો હેતુ કૃષિ, સમાજ અને ગાય સંરક્ષણ વચ્ચે ટકાઉ જોડાણ બનાવતી વખતે દેશી ગાયોના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.



ગૌશાળાનો હેતુ કૃષિ, સમાજ અને ગાય સંરક્ષણ વચ્ચે ટકાઉ જોડાણ